વારાણસી માટે ભાજપ દ્વારા વિઝન ડોક્યુમેન્ટ જારી

નવીદિલ્હી,તા. ૬

વારાણસીમાં મતદાન આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે ભાજપે આની લડાઈ માટેની તૈયારી કરી લીધી છે. ભાજપે આજે પવિત્ર વારાણસી શહેર માટે વિઝન ડોક્યુમેન્ટ જારી કરીને ઘણી બાબતોનો ખુલાસો કર્યો હતો. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી કોંગ્રેસના અજય રાય સામે ચૂંટણી મેદાનમાં છે. એએપીના નેતા અરવિંદ કેજરીવાલ પણ અહીં મેદાનમાં છે.

તમામ ચૂંટણી કરતા સૌથી મોટી ચૂંટણી તરીકે આને ગણવામાં આવે છે. વિઝન દસ્તાવેજમાં વારાણસી માટેની ભાજપની યોજનાનો સમાવેશ થાય છે. ગંગા નદીને સ્વચ્છ બનાવવા તથા વણકરોની તકલીફને દૂર કરવાની બાબતનો આમા સમાવેશ થાય છે. લાંબા સમયથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવમાં રહેલા શહેરના નાગરિકો માટે નવી સુવિધાઓ વિકસિત કરવાની વાત આમા કરવામાં આવી છે. ભાજપના દસ્તાવેજમાં શહેરમાં વર્લ્ડક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપિત કરવાની વાત કરવામાં આવી છે. સાથે સાથે વારાણસીને ટુરિઝમ માટે ગ્લોબલ હબ બનાવવાની વાત કરવામાં આવી છે. તેના હેરિટેજ દરજ્જાને જાળવી રાખવાની વાત કરવામાં આવી છે. વિઝન ડોક્યુમેન્ટ જારી કરતા ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ કહ્યું હતું કે, દેશને ફરી ટ્રેક ઉપર લાવવા માટે દેશમાં સ્થિર સરકારની જરૂર છે. વારાણસી ઐતિહાસિક તક ધરાવે છે. કારણ કે તે માત્ર સાંસદ જ નહીં પરંતુ વડાપ્રધાનની પસંદગી કરશે. શહેરના મતદારો માટે સ્થિર સરકાર અને વડાપ્રધાન આપવાની તક રહેલી છે. પૂર્વાંચલ આર્થિકરીતે પછાત છે જેથી આ મહત્વપૂર્ણ બાબત છે કે, વિજળી અને અન્ય મુદ્દાઓને પણ ધ્યાનમાં લેવામાં આવે આ પ્રદેશના વિકાસ માટે ઘણા બધા પગલા ખુબ જરૂરી બની ગયા છે.

વિઝન ડોક્યુમેન્ટના વચન

- ગંગા નદીને પ્રદૂષણથી મુક્ત કરાશે
- વણકરોની તમામ સમસ્યાઓને દૂર કરવામાં આવશે
- લાંબા સમયથી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અભાવનો સામનો કરી રહેલા શહેરના નાગરિકોને તમામ સુવિધા અપાશે
- વારાણસીમાં વર્લ્ડક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવાશે
- વારાણસીમાં ટુરિઝમ માટે ગ્લોબલ હબ બનાવાશે
- વારાણસીના હેરિટેજ દરજ્જાને જાળવી રાખવામાં આવશે
- વારાણસીમાં તમામ લોકોને તમામ સુવિધાઓ મળે તેનો મુખ્ય હેતુ રાખવામાં આવ્યો
- મોદી ખુબ જ ઝડપથી વારાણસીને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સુસજ્જ બનાવી દેવા મક્કમ

નરેન્દ્ર મોદીની વિરૂદ્ધ પ્રિયંકા વારાણસીમાં પ્રચાર નહીં કરે

નવી દિલ્હી,તા. ૬

પ્રિયંકા ગાંધી વાઢેરા ભાજપના પીએમ પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે વારાણસીમાં ચૂંટણી પ્રચાર કરનાર નથી. હજુ સુધી એવી અટકળો ચાલી રહી હતી કે, પ્રિયંકા પ્રચાર કરશે. પરંતુ આ અહેવાલને કોંગ્રેસે રદિયો આપ્યો છે. પ્રિયંકાના નજીકના સૂત્રોએ કહ્યું છે કે, તે અગાઉ જ કહી ચુકી છે કે, રાયબરેલી અને અમેઠીમાં જ તે પ્રચાર કરશે. ગઈકાલે મોદીએ પ્રચાર કર્યા બાદ એમ માનવામાં આવતું હતું કે, આનો જવાબ આપવા પ્રિયંકા પોતે વારાણસીમાં પ્રચાર કરશે. ગુલામ નબી આઝાદ, સલમાન ખુરશીદ જેવા નેતાઓને મોદીને ભીંસમાં લેવાની જવાબદારી સોંપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ એમ માનવામાં આવી રહ્યું હતું કે, કોંગ્રેસના સ્ટાર પ્રચારક અને કોંગ્રેસના પ્રમુખ સોનિયા ગાંધીના પુત્રી પ્રિયંકા વાઢેરા ગુજરાતના મુખ્યપ્રધાન અને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીના મતવિસ્તાર વારાણસીમાં પ્રચાર કરી શકે છે. નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધીના મતવિસ્તાર અમેઠીમાં જોરદાર પ્રચાર કર્યા બાદ પ્રિયંકા પણ જોરદાર જવાબ આપશે તેવી અપેક્ષા હતી. નરેન્દ્ર મોદીએ રાહુલના મતવિસ્તારમાં પ્રચાર કર્યા બાદ જ ચર્ચાનો દોર શરૂ થઈ ગયો હતો. અમેઠીમાં મોદીએ પ્રચાર કર્યા બાદ કલાકો પછી પ્રિયંકાએ મોદીની ઝાટકણી કાઢી હતી અને હતું કે મોદીએ તેમના સ્વર્ગસ્થ પિતાનુ અપમાન કર્યું છે.

નીચલા સ્તરની રાજનિતી રમવાનો આક્ષેપ કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે અમેઠીના સલોકો તેમને ક્યારેય માફ કરશ નહી. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી વારાણસી જઈને પોતાની પાર્ટીના ઉમેદવાર અજય રાય માટે પ્રચાર કરી શકે છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા આદેશ કરાયો

પ્રાથમિક સ્કૂલોમાં માત્ર ભાષા લાદી શકાય નહીં

નવીદિલ્હી,તા. ૬

સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ આદેશ આપતા ઠેરવ્યું હતું કે, સરકાર પ્રાથમિક સ્કૂલોમાં માત્ર ભાષા લાદી શકે નહીં. કોઇપણ જાતિ ઉપર માત્ર ભાષા લાદવાની બાબત યોગ્ય નથી. ચીફ જસ્ટિસ આરએમ લોધાના નેતૃત્વમાં પાંચ જજની બંધારણીય બેંચે આદેશ આપતા કહ્યું હતું કે, કોઇપણ રાજ્યને કોઇપણ ફરજિયાત પ્રાદેશિક ભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવવાનો આદેશ આપવાનો અધિકાર નથી. ગયા વર્ષે જુલાઈ મહિનામાં બે જજની બેંચની કહ્યું હતું કે, બંધારણીય બેંચ એવા મામલામાં તપાસ કરશે કે સરકાર પ્રાદેશિક ભાષા અથવા તો માત્ર ભાષા સરકારી સ્કૂલોમાં શિક્ષણરૂપે લાદી શકે છે કે કેમ. કર્ણાટકમાં સ્કૂલને લઇને મામલો સપાટી ઉપર આવ્યો હતો. કર્ણાટકની સ્કૂલના મામલે સુપ્રીમમાં કેસ આવ્યા બાદ પાંચ જજની બેંચ દ્વારા આજે આ ચુકાદો અપાયો હતો.

અમિત શાહ એક ત્રાસવાદી છે : લાલૂનો ગંભીર આક્ષેપ

પટણા,તા. ૬

આરજેડીના વડા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલૂ પ્રસાદ યાદવે આજે આક્રમક વલણ અપનાવીને ગુજરાતના ભૂતપૂર્વ પ્રધાન અમિત શાહને આતંકવાદી તરીકે ગણાવ્યા હતા. અમિત શાહ ઉપર પ્રહાર કરતા લાલૂએ કહ્યું હતું કે, અમિત શાહ પોતે આતંકવાદી છે. તેમની આઝમગઢ અંગેની ટિપ્પણીથી લાલૂ લાલઘૂમ દેખાયા હતા. પત્રકારો સાથે વાતચીત કરતા લાલૂએ કહ્યું હતું કે, અમિત શાહ આતંકવાદી છે. તેઓ નરેન્દ્ર મોદીના જમણા હાથ સમાન છે. ગુજરાત અને મુઝફ્ફરનગરમાં થયેલી કોમી હિંસામાં અમિત શાહનો હાથ રહેલો છે. આ પ્રકારના લોકો કોમવાદી હિંસા મારફતે દેશમાં દહેશત ફેલાવી દે છે. લાલૂએ કહ્યું હતું કે, આ લોકો વિશ્વાસ ગુમાવી ચુક્યા છે જેથી હવે તેમના વાસ્તવિક ચહેરા દર્શાવી રહ્યા છે. આરજેડીના વડાએ ઉત્તરપ્રદેશમાં આઝમગઢ ખાતે અમિત શાહના નિવેદન અંગે પ્રતિક્રિયા આપી હતી. અમિત શાહે આઝમગઢમાં કહ્યું હતું કે, આઝમગઢ વિસ્તાર આતંકવાદીઓના દેશ તરીકે છે. રાજકીય પક્ષોએ પણ ભાજપનો વિરોધ કર્યો હતો. આ મુદ્દે પગલા લેવાની માંગણી ચૂંટણીપંચ સમક્ષ કરવામાં આવી હતી. લાલૂ યાદવે ફૈઝાબાદ ખાતે નરેન્દ્ર મોદીની જાહેર સભામાં ભગવાન રામના ફોટાનો ઉપયોગ કરવા બદલ ભાજપની ઝાટકણી કાઢી હતી. ફૈઝાબાદ અયોધ્યાની બિલકુલ નજીક છે. ચૂંટણી વાતાવરણને કોમવાદી બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. લાલૂએ દાવો કર્યો હતો કે મોદી અથવા ભાજપને રામ અથવા રહીમ સાથે કોઈ લેવાદેવા નથી.

તેઓ ચૂંટણી વાતાવરણને કોમવાદી બનાવવા માંગે છે. આમા કોઈ નવી બાબત નથી. કારણ કે, ઘણા વર્ષથી આવી જ પ્રક્રિયા તેઓ અપનાવતા આવ્યા છે. સોમવારના દિવસે મોદીએ તેમની સામે પગલા લેવા ચૂંટણી પંચને પડકાર ફેંક્યો હતો. પ્રસાદે કહ્યું હતું કે, તેમની હતાશા દેખાઈ રહી છે. સંસદીય ચૂંટણીમાં મોદીની હારના સંકેત છે.

આરસીએના પ્રમુખ તરીકે લલિત મોદી ચૂંટાયા

મોદી ચૂંટાતા એસોસિએશનને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરાયો

મુંબઈ,તા. ૬

રાજસ્થાન ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ તરીકે લલિત મોદીની ચૂંટણી થયા બાદ ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે આક્રમક વલણ અપનાવીને આ એસોસિએશનને અચોક્કસ મુદ્દત સુધી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો હતો. રાજસ્થાન ક્રિકેટ એસોસિએશનની ક્રિકેટ બાબતોને આગળ ચલાવવા માટે ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડ એડહોક બોડીની નિમણૂંક કરવામાં આવી હતી. બીસીસીઆઈના પ્રમુખે આરસીએને સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો હતો. આરસીએને સસ્પેન્ડ કરવામાં આવ્યા બાદ તે બીસીસીઆઈની કોઈ પ્રવૃત્તિમાં ભાગ લઈ શકશે નહીં. બીસીસીઆઈના સેક્રેટરી સંજય પટેલે માહિતી આપતા કહ્યું હતું કે, આ નિર્ણય બંધારણના ધારાધોરણ મુજબ લેવામાં આવ્યો છે. કોઈ એસોસિએશનને સસ્પેન્ડ કરવાનો પ્રમુખ પાસે અધિકાર રહેલો છે. એસોસિએશન બીસીસીઆઈના નિયમો સામે વાંધો ઉઠાવી શકે નહીં. વચગાળાના પ્રમુખ શિવલાલ યાદવ દ્વારા આ નિર્ણય લેવાયો હતો. જુદી જુદી રાષ્ટ્રીય ટીમમાં પસંદગી કરવામાં આવી રહેલા રાજસ્થાનના ખેલાડીઓની તક અંગે પૂછવામાં આવતા સંજય પટેલે કહ્યું હતું કે, આ ઘટનાક્રમથી કોઈ અસર થશે નહીં. પટેલે કહ્યુંહતું કે, રાજસ્થાનના ક્રિકેટરોની કુશળતા તરફ ધ્યાન આપવામાં આવશે. આજ કારણસર એડહોક બોડીની રચના કરવામાં આવી રહી છે જે રાજસ્થાન ક્રિકેટના ખેલાડીઓ તરફ ધ્યાન આપશે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં આરસીએની ચૂંટણી નોંધાઈ હતી. અગાઉ આજે આરસીએના પ્રમુખ તરીકે લલિત મોદી ચુંટાઈ આવ્યા હતા. આની સાથે જ તેમની અને બોર્ડ વચ્ચે કાયદાકીય ખેંચતાણનો તબ્બો ગોઠવાઈ ગયો હતો. ગયા વર્ષે ચૂંટણી બાદ પરિણામ સુપ્રીમના આદેશ બાદ સીલ કરી દેવામાં આવ્યા હતા. આજે સવારે કોર્ટ દ્વારા નિમવામાં આવેલા ઓર્બ્ઝર્વર દ્વારા સીલ ખોલવામાં આવ્યા હતા. ઈન્ડિયન પ્રિમિયર લીગના ભૂતપૂર્વ વડાએ તેમના હરીફ રામપાલ શર્માને હાર આપી હતી. ૩૩ મત પૈકી મોદીને ૨૪ અને શર્માને પાંચ મત મળ્યા હતા.

નીચ જેવા શબ્દો બદલ ભાજપ નારાજ : માફીની ઉગ્ર માંગણી

વારાણસી,તા. ૬

હળવાસ્તરની રાજનીતિ રમવા બદલ ભાજપે આજે પ્રિયંકા ગાંધીની જોરદાર ઝાટકણી કાઢી હતી અને આના માટે માફીની માંગ કરી હતી. ભાજપના વરિષ્ઠ નેતા અરુણ જેટલીએ સીધી રીતે પ્રિયંકાના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે, પછાત જાતિમાંથી આવતા કોઈ વ્યક્તિ માટે નીચ જેવા શબ્દનો ઉપયોગ યોગ્ય રહેશે નહીં. નીચ રાજનીતિ જેવી હળવા સ્તરની રાજનીતિનો પ્રિયંકા ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો. જેટલીએ કહ્યું હતું કે, દેશના બિનસાંપ્રદાયિક સામાજિક માળખામાં કોઈ પણ વ્યક્તિ કોઈની સામે નીચ જેવા શબ્દનો ઉપયોગ કરી શકે નહીં. ગાંધી પરિવારની ટિકા કરતા જેટલીએ તેમના મત મારફતે પરિવારના ઈગોને હાર આપવા મતદારોને અપીલ કરી હતી. જેટલીએ કહ્યું હતું કે, અમેઠી અને વારાણસીમાં ખુબ જ જોરદાર જંગ ખેલાનાર છે. અમે ઐતિહાસિક જીત મેળવીશું એમાં કોઈ શંકા નથી. ભાજપના ઉમેદવાર સ્મૃતિ ઈરાની પણ ઐતિહાસિક જીત મેળવશે. પછાતપણા સામે અમેઠીની પ્રજા લડી રહી છે. કોંગ્રેસની લીડરશીપ બિલકુલ ફ્લોપ થઈ ચુકી છે. વારાણસીના લોકો પણ પહેલાથી જ નિર્ણય કરી ચુક્યા છે. મોદીને સત્તાથી દૂર રાખવા મમતા સાથે ડાબેરી હાથ મિલાવી શકે છે તેવા પ્રશ્ન અંગે જેટલીએ કહ્યું હતું કે, મોદીને નંબરના આધાર પર કોઈ રોકી શકે નહીં. બર્ધન અને અન્ય કેટલાક લોકો એવા સ્વપ્ન જોઈ રહ્યા છે કે, નંબરના આધાર પર તેઓ મોદીને રોકી શકશે. તેમણે કહ્યું હતું કે, ભાજપની શાનદાર જીત લોકસભાની ચૂંટણીમાં થનાર છે.

સુબ્રતા રોયને હાલમાં જેલમાં જ રહેવું પડશે

નવી દિલ્હી, તા. ૬

સુપ્રીમ કોર્ટે સહારાની નવેસરની રિફંડ દરખાસ્તને આજે ફગાવી દીધી હતી. આની સાથે જ સહારાના વડા સુબ્રતા રોયને હાલ જેલમાં જ રહેવું પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સહારા તરફથી રિફંડ માટેની નવી દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. બહિષ્કૃત બોન્ડ સ્કીમમાં મૂડીરોકારણકારોને રિફંડ આપવામાં નિષ્ફળતા બાદ કંપની હાલમાં મુશ્કેલીમાં છે અને તેની સામે કેસ ચાલી રહ્યો છે. કોર્ટે સહારાની નવી દરખાસ્તને ફગાવી દીધી હતી. ઈન્સ્ટોલમેન્ટમાં જંગી રકમ ચુકવવાની રજૂઆત કરવામાં આવી હતી. કોર્ટે નવી દરખાસ્ત મુકવા માટે કહ્યું હતું પરંતુ આ દરખાસ્ત પણ સુપ્રીમને યોગ્ય લાગી નથી. કોર્ટે આદેશ કર્યા બાદ સુબ્રતાને હજુ પણ મુશ્કેલીનો સામનો કરવો પડશે. સુબ્રતા ચોથી માર્ચ બાદથી જેલમાં છે. તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે.

નવાં કલેવર (પાના નં. ૪નું ચાલું...)

માંગલિક છું. હું મારા પતિ માટે ઉપવાસ નહીં પણ દેશ માટે તેની શહાદત નો જશ્ન મનાવવા માંગુ છું. કેમ કે મને તે શહિદ થયા તેથી મારી જાત પર ગર્વ થાય છે. આ લોકો માનવ નહીં દલાલ છે. મોતના સૌદાગરો છે. તકવાદીઓ છે. જે પોતાના દીકરાના મોતની કિંમત વસુલવા માંગે છે. એ લોકો ત્યાં સુધી જ મને જીવાડશે જ્યાં સુધી તેમને મારા પતિના મોતનું વળતર મળી ન જાય...' એ સિવાય પણ ઘણું બધું મોહિની મીડિતા સામે કહેવા માંગતી હતી. મીડિયાવાળાઓ પણ તેના શોકથી પોતાની ચેનલની ટી.આર.પી. વધારવામ માટે તેના મોં આગળ માઇક ધરી રહ્યા હતા. પણ લાખ ઇચ્છા છતાં મોહિની તેના દિલની વાત જીભ પર લાવી શકી નહીં.

બે-ત્રણ દિવસથી ભૂખી-તરસી બેબાકળી મોહિનીની આંખો તેના પતિના પાર્થિવ દેહને જાણે ચોંટી ગઇ હતી. જાણે કે તે પોતાના પતિ સાથે પોતાનો પણ ઉત્સર્ગ કરી દેવા માંગતી હતી. મીડિયાવાળાઓ પણ તેની હાલત અને કંઇ પણ કહી ન શકવાને કારણે હારીથાકીને પાછા વળી ગયા હતા. ત્યારે તેની નાજુક સ્થિતિ અને બેશુદ્ધિની હાલતને ધ્યાને લઇ અધિકારીઓએ દખલ કરી તેને જબરજસ્તી એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઇ ગયા અને રામસિંહના સૈનિક સન્માન સાથે અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા. ગામ લોકો પોતપોતાના ઘરે પાછા ફરવા લાગ્યા. રામસિંહની માં ફરી છાંતી કુટી વિલાપ કરતી હતી.

'એનો સત્યાનાશ જાય, મારા દીકરાને ભરખી ગઇ...'

- vanvihari@gmail.com

દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન અંગે ૧૬મી મે બાદ ફેંસલો

નવી દિલ્હી,તા. ૬

દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન અંગે ૧૬મીના દિવસે ચૂંટણીના પરિણામ આવી ગયા બાદ નિર્ણય કરવામાં આવશે. બીજા બાજુ દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવાના નિર્ણયને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી આમ આદમી પાર્ટીની અરજી પર ચોથી જુલાઈના દિવસે સુનાવણી કરવાનો સુપ્રીમ કોર્ટે નિર્ણય કર્યો છે. સુપ્રીમ કોર્ટને જાણ કરવામાં ાવી હતી કે એલજી દ્વારા આ મામલે લોકસભાની ચૂંટણી બાદ નિર્ણય કરવાનો ફેંસલો કર્યો છે. સુપ્રીમ કોર્ટને આ અંગેની જાણ કરવામાં આવ્યા બાદ સુનાવણી ટાળી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે અગાઉની સુનાવણી દરમિયાન કેન્દ્ર સરકારના વકીલને આદેશ કર્યો હતો કે વિધાનસભાને કેટલા સમય સુધી સસ્પેન્ડ રાખી શકાય છે અને આ મામલે બંધારણીય જોગવાઈ શુ છે તે અંગે તેમના અભિપ્રાય આપે. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે તે આ મામલે દરમિયાનગારી કરી શકે નહી. જો કે સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું હતું કે એલજી તેમના નિર્ણયની કોઈ પણ સમય સમીક્ષા કરી શકે છે. એલજીએ રાષ્ટ્રપતિ શાસનની ભલામણ કરી હતી. જેના કારણે દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો નિર્ણય કરાયો હતો. બીજી બાજુ આમ આદમી પાર્ટી દ્વારા વિધાનસભાને ભંગ કરીને તરત જ ચૂંટણી કરવાની માંગ કરી છે.

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં કોઈને બહુમતિ નહી મળ્યા બાદ કોંગ્રેસના ટેકા સાથે એએપી દ્વારા સરકાર બનાવવામાં આવી હતી. જો કે ૪૯ દિવસમાંજ આ સરકાર પડી ગઈ હતી. ત્યારબાદથી દિલ્હીમાં રાષ્ટ્રપતિ શાસન છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીમાં સૌથી વધારે બેઠકો જીતનાર ભાજપે સરકાર બનાવવાનો ઈન્કાર કર્યો હતો.

આસામમાં રક્તપાતમાં મોતનો આંકડો ૩૬ થયો

ગુવાહાટી, તા. ૬

આસામના હિંસાગ્રસ્ત જિલ્લાઓમાં વધુ બે મૃતદેહ મળી આવતા મોતનો આંકડો વધીને આજે ૩૬ ઉપર પહોંચ્યો હતો. દરમિયાન સમગ્ર વિસ્તારમાં લાદવામાં આવેલી સંચારબંધીને આજે હળવી કરવામાં આવી હતી. કોઈપણ જગ્યાએથી નવેસરથી હિંસાના બનાવ બન્યા નથી. પોલીસનું કહેવું છે કે, સાત વર્ષની બાળકીનો મૃતદેહ બારપેટા રોડ નજીક બેકી નદીમાંથી મળી આવ્યો હતો. જ્યારે એક ૩૫ વર્ષીય મહિલાનો મૃતદેહ બક્સામાં મળ્યો હતો. શુક્રવારે રાત્રે સંચારબંધી લાદવામાં આવી હતી જેમાં આજે તબક્કાવાર રીતે રાહત આપવામાં આવી હતી.

બ્રિટનમાં સ્થિત ભારતીય કંપનીઓનું ઝડપથી વધતું વર્ચસ્વ

નવી દિલ્હી, તા. ૬

બ્રિટનમાં સ્થિત ભારતીય કંપનીઓ ખૂબ ઝડપથી વર્ચસ્વ જમાવી રહી છે. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે બ્રિટનમાં ૭૦૦થી વધુ ભારતીય કંપનીઓ છે અને આ કંપનીઓમાં એક લાખ લોકો કામ કરી રહ્યા છે. આ મામલામાં ટાટા મોટર્સ પ્રથમ સ્થાન ઉપર છે. ટાટા મોટર્સનું ટર્નઓવર સૌથી વધારે નોંધાયું છે. ૪૧ સૌથી ઝડપથી વિકાસ પામતી ભારતીય કંપનીઓનું ટર્નઓવર ૧.૯ લાખ કરોડની આસપાસ છે જે પૈકી ટાટાની હિસ્સેદારી ૮૦ ટકાની આસપાસની છે. ગ્રાન્ટ થોર્નટોન નામની કંપની દ્વારા જારી કરવામાં આવેલા નવા મૂલ્યાંકનમાં આ મુજબની વાત કરવામાં આવી છે. કન્ફડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રીના સહકાર સાથે તૈયાર કરવામાં આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે બ્રિટનમાં આશરે ૭૦૦ ભારતીય કંપનીઓમાં એક લાખ લોકો કામ કરી રહ્યા છે. બ્રિટનના અર્થતંત્રમાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. ટાટા સ્ટીલ અને ટાટા મોટર્સમાં ૬૦હજાર લોકો કામ કરી રહ્યા છે. સાઉથ એશિયા ગ્રૂપના વડાનું કહેવું છે કે બ્રિટનમાં ભારતીય કંપનીઓ દ્વારા મોટાપાયે રોકાણ કરવામાં આવી રહ્યું છે. ભારતમાં વિકાસની તક વધી રહી છે. બીજી બાજુ મૂડીરોકાણકારો તેમના બ્રિટન ઓપરેશનને પણ ફેલાવી રહ્યા છે આના લીધે બ્રિટનનું અર્થતંત્ર ફરી વિકાસના તબક્કામાં છે. ભારત અને બ્રિટનના સાંસ્કૃતિક ઈતિહાસે પણ મહત્વની ભૂમિકા ભજવી છે. આ જ કારણસર અહીં મોટા બેઝ સ્થાપિત કરવામાં આવ્યા છે. ભારતીય કંપનીઓ પૈકીની અડધાથી વધુ કંપનીઓ ફાર્મા અને કેમીકલ સાથે જોડાયેલી છે. આ ઉપરાંત ટેલિકોમ કંપનીઓની પણ હિસ્સેદારી છે. ટાટા મોટર્સે ખૂબ સારી પ્રતિષ્ઠા હાંસલ કરી દીધી છે. એન્જિનીયરીંગ ,મેન્યુફેક્ચરીંગ જેવા ક્ષેત્રમાં બ્રિટને ભારતીય કંપનીઓ ખૂબ મહત્વપૂર્ણ ગણે છે.

સમાચાર ઝલક

- **સાબરમતીમાં દારૂ પીવાથી બેનાં મોત, લઠ્ઠાકાંડની આશંકા.**
- **ચૂંટણી પૂરી થતાં જ પેટ્રોલ-ડિઝલ-ગેસ મોંઘા થશે.**
- **ક્રિકેટર વિનોદ કાંબલીએ એન્ડ્રિયા હેવિટ્ટ સાથે પરંપરાગતવિધિથી લગ્ન કર્યા.**
- **મુંબઇમાં જાહેર સ્થળોએ લઘુશંકા કરનારને ટેન્કરના પાણી છાંટીને દોડાવાશે.**
- **સાહિત્યને મનોરંજન માટે બિનજરૂરી વેડફી દેવું જોઇએ નહીં : ગુલઝાર**
- **શામળાજી પાસે ટ્રિપલ અકસ્માતમાં બેનાં મોત, ૧૦ વ્યક્તિને ઇજા.**
- **રાજ્યમાં ૨૪ કલાકમાં અનેક ઠેકાણે વરસાદ પડવાની આગાહી.**
- **વિશ્વ અસ્થમા દિન ઉજવાયો, ભારતમાં ૩ કરોડ અસ્થમાના દર્દીઓ છે.**
- **ગોલ્ડ ડિપોઝીટ સ્કીમ બંધ કરવા આરબીઆઇની સૂચના.**
- **આસામમાં બોડો વિસ્તારમાં મુસ્લિમોને હથિયાર આપવા વિચારણા.**
- **નાઇજીરીયામાં એક હોસ્ટેલમાંથી ૨૭૫ કન્યાઓનું અપહરણ, કેટલીયે વેચી મારી તથા બળજબરીથી લગ્ન કરાવાયા, વિશ્વની સ્વૈચ્છિક સંસ્થાઓની ચૂપકીદી.**
- **ઉનાળું વેકેશનનો રાજ્યભરમાં પ્રારંભ, બાળકો મોજમાં - સમર ટ્રેનિંગની ધૂમ.**
- **નવા શૈક્ષણિક વર્ષમાં આર્ટસ કોલેજો ડચકાં ખાતી થઇ જશે.**
- **ગુજરાતમાં માહિતી અધિકાર હેઠળની વિગતો નથી અપાતી, જાણીતા એક્ટિવીસ્ટ અનિલ ગાલગલીનો બળાપો.**
- **શાળાઓમાં વરંડા ઉપરથી ભાલાવાળા સળિયા દૂર કરવા નિર્ણય, દરવાજા ઉપરથી દૂર કરાશે.**
- **રતન ટાટાને ઓર્ડર ઓફ ધી બ્રિટીશ એમ્પાયરથી સર્વોચ્ચ સન્માન કરાયું.**
- **ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર યોજનાનું બાળમરણ, સુરસુરીયું થયું.**
- **ટુજી સ્પેક્ટ્રમમાં એ.રાજાએ ૧૭૦૦ પ્રશ્નોના જવાબ આપવા પડશે.**
- **સૌરાષ્ટ્રમાં ૩૧મી મે સુધીમાં વાવણી જોગ વરસાદની શક્યતા, ૨૦ દિવસમાં વરસાદી માહોલ બનશે.**
- **હવામાનમાં વારંવાર પલટો થતાં નબળી કેરીઓનો બજારમાં ટગલો થશે.**